CITY પલ્સ

email: citypulse@gujaratmitra.in

ગુજરાતમિત્ર

શુક્રવાર ૬ માર્ચ, ૨૦૨૬

રિશ્તે

**સુ**રતે દેશ વિદેશને માત્ર હીરા, કાપડ, જરી જ નથી આપી પણ સુરતની આ ભૂમિમાં જન્મેલા વિરલ વ્યક્તિઓની ભેંટ પણ દેશ વિદેશને આપી છે. શું બૉલીવુડ કે શું વિદેશનું રાજકારણ આ બધામાં સુરતના તારલાઓ એક્કાની ભૂમિકામાં રહ્યા છે. અત્યારની સુરતની યુવા અવસ્થામાં પહોંચેલી પેઢીને માત્ર એ જ ખબર હશે કે, નિમિતા વાંકાવાલા કે જે પાછળથી નિમિથા વાંકાવાળાને નામે ઓળખાય તે સુરતની છોરી છે જેણે દક્ષિણ ભારતની ફિલ્મોમાં પોતાના અભિનયના ઓજસ પાથરીને દેશભરમાં જાણીતી એક્ટ્રેસ બની. મશહૂર એક્ટર સંજીવ કુમાર ( હરિલાલ જરીવાળા) સુરતની માટીની જ દેન છે. શું તમને ખબર છે આ ઉપરાંત પણ અંબાણી પરિવારની એક વહુનો પણ સુરત સાથે ગાઢ સબંધ રહ્યો છે, બ્રિટનની ખુબસુરત લેડી ડાયના, ક્રિકેટર સચિન તેંડુલકરનો પણ કોઈને કોઈ રીતે સુરત સાથે નાતો છે, આ ઉપરાંતની મશહૂર વ્યક્તિઓ પણ સુરતની માટી સાથે વણાયેલા છે. ચાલો આપણે આ મશહૂર લોકોના સુરત સાથેના કનેક્શન વિશે જાણીએ...



# લેડી ડાયનાથી લઈ ટીના અંબાણી સુધી.... જાણો સેલિબ્રિટીઝના સુરત કનેક્શન્સ વિશે

## ટીના મુનીમના દાદા ગોપીપુરા વિસ્તારમાં રહેતા હતાં, ટીના છેલ્લે 1981માં સુરત આવ્યા હતા






ટીના અંબાણી મશહૂર ફિલ્મ એક્ટ્રેસ હતા. તેમનો આપણા શહેર સુરત સાથે નાતો છે. તેમના પારિવારીક દાદા ચંદુલાલ મુનીમ ગોપીપુરા વિસ્તારમાં નાની છીપવાડ પાસે રહેતા હતા. ટીના મુનીમનું રિયલ નેમ નિવૃત્તિ મુનીમ હતું. ટીના નામ એક્ટર દેવ આનંદે આપ્યું હતું. ડો. પંકજ ગાંધી અને તેમના પત્ની નેહાબેન સિંગાપુરી (ગાંધી) એ જણાવ્યું કે જ્યારે ટીના મુનીમની 1981માં રોકી ફિલ્મ આવી હતી ત્યારે ટીના મુનિમ સુરત આશાપુરી માતાના મંદિરે દર્શને આવ્યા હતા જ્યાં ટીના મુનિમને જોવા તેઓ ગયા હતા. એ વખતે લોકોની બહુ ભીડ થઈ હતી. આ મંદિરમાં તેમના દાદા અને બીજા સંબંધી મહિલાઓના ફોટા હજી છે. અહીંના સ્થાનિકો પણ જણાવે છે કે અહીં તેમનું આ પારિવારિક મંદિર છે અને એમનું જે મકાન હતું તે હવે નથી. ટીના મુનીમના ફાધર નંદકુમાર મુનિમ તેઓ ફિલ્મ ડિસ્ટ્રીબ્યૂશનના વ્યવસાય માટે મુંબઈના ભુલેશ્વરમાં સ્થાયી થયા હતા. મુંબઈમાં 1957માં ટીના મુનિમનો જન્મ થયો હતો.



## આ મશહૂર હસ્તીઓના પણ છે સુરત સાથેના કનેક્શન




લંડન, ઈંગ્લેન્ડ સ્થિત બ્રિટિશ અભિનેત્રી, વોઇસ આર્ટિસ્ટ ચન્દ્રીકા ચેવલીના મૂળ સુરત, ગુજરાત સાથે જોડાયેલા છે. તેમના માતા-પિતા સુરતથી ઈંગ્લેન્ડ સ્થાયી થયા હતા, જેને કારણે તેમનું કુટુંબ બ્રિટનમાં વસવાટ કરવા લાગ્યું. આ ઉપરાંત બળવંત રાઠોડ કે જેઓ ફીજી દેશમાં ભારતીય મૂળના રાજકારણી તરીકે ઓળખાય છે. તેમના લગ્ન લતાબેન સાથે થયા હતા. આ લતાબેનનું કુટુંબ સુરત શહેર સાથે જોડાયેલું હતું. બળવંત રાઠોડનો પરિવાર 1940ના દાયકામાં વધુ સારા જીવનની શોધમાં ભારતમાંથી ફીજી સ્થાયી થયો હતો.

## સચિન તેંડુલકરના ફાધર ઇન લૉનું ગોપીપુરામાં શૈતાન ફળિયામાં ઘર હતું




સુરતના ગણ્યાગાંઠ્યા લોકોને ખબર હશે કે ક્રિકેટર સચિન તેંડુલકરના પત્ની અંજલિના ફાધર આનંદ મહેતા મૂળ ગુજરાતી વ્યાપારી પરિવારમાંથી આવે છે અને તેમના કુટુંબના વંશીય મૂળ સુરતના ગોપીપુરા વિસ્તારમાં જોડાયેલા છે. અહીં શૈતાન ફળિયામાં આનંદ મહેતાના ફાધરનું ઘર હતું એવું લોકમુખે જાણવા મળ્યું છે. જોકે, એ સમયના લોકો બીજે શિફ્ટ થયાને પણ વર્ષો થયા છે, પણ વાતો થતી કે, આનંદ મહેતાને બ્રિજ નામની ગેમ રમવાનો શોખ હતો અને તેના માટે તે વિદેશ જતાં. વિદેશ મુંબઈથી જવાનું થતું એ વખતે મુંબઈમાં રહેવા માટે બહુ હોટેલની સુવિધા નહીં હતી એટલે એમણે મુંબઈમાં પોતાનું ઘર લીધું હતું. બ્રિજ ગેમને કારણે જ તેમની મુલાકાત બ્રિટિશ મૂળના અન્નાબેલ સાથે થઈ હતી અને પછી આનંદ મહેતા અને અન્નાબેલ મેરેજ કરી મુંબઈ સ્થાયી થયા હતાં. મુંબઈમાં જ અંજલિ મહેતાનો જન્મ થયો હતો.





## દુરદર્શનના ન્યૂઝ એન્કર સરલા માહેશ્વરી ભણતા હતાં ત્યારે સમર વેકેશનમાં સુરત આવતા



ભારતીય ટેલિવિઝનના ઇતિહાસમાં જેમનો અવાજ અને ચહેરો ઘર-ઘરમાં જાણીતો હતો, તેવા દૂરદર્શનના સમાચાર વાચક સરલા માહેશ્વરીનું હાલમાં જ નિધન થયું. તેમના મૂળ પણ સુરત સાથે જોડાયેલા છે. તેમના ફાધર ફરસરામ જરીવાળાનું ઘર ગોપીપુરામાં ક્ષેત્રપાળની શેરીમાં આજે પણ બંધ અવસ્થામાં જોવા મળે છે. ફરસરામના બીજા બે ભાઈઓ જવાહરભાઈ અને મનહરભાઈ. તેમનો જરીનો બિઝનેસ હતો. બિઝનેસનો ફેલાવો કરવા ફરસરામ દિલ્હી શિફ્ટ થયાં હતા અને ત્યાં જ સરલા માહેશ્વરીનો જન્મ થયો હતો. તેઓ ભણતા હતા ત્યારે દર વર્ષે સમર વેકેશનમાં સુરત આવતા હતાં. બે વર્ષ પહેલાં સરલા માહેશ્વરી સુરત તેમના ભાઈના દીકરાના લગ્નમાં આવ્યા હતાં. એ સુરતની તેમની છેલ્લી મુલાકાત રહી હતી.

## 2003માં બ્રિટન દ્વારા ઇરાક પર પ્રથમ વેપન ઝીંકનાર બોબ ચેવલીના કનેક્શન રૂસ્તમપુરા સાથે છે



એવું જાણવા મળ્યું છે કે, ફલાઇટ લેફ્ટનન્ટ બોબ ચેવલી બ્રિટિશ રોયલ એરફોર્સના પાયલટ હતા. જેમણે 2003ના ઇરાક યુદ્ધ દરમિયાન Operation Telic હેઠળ સેવા આપી હતી. એવું કહેવાય છે કે ઇરાક યુદ્ધના પ્રથમ દિવસની કામગીરીમાં ચેવલીએ પોતાના સ્કવોડ્રન લીડર કરતા લગભગ બે સેકન્ડ પહેલા વેપન છોડ્યો હતો. આ બોબ ચેવલીના ફાધર રૂસ્તમપુરામાં ફરામ મોહલ્લામાં રહેતાં. બોબ ચેવલી નાના હતા ત્યારે સુરત આવતા હતાં. તેમના કાકાનું ઘર હજી પણ અહીં છે. બોબ ચેવલી તેમની દાદી સાથે ગુજરાતીમાં વાત કરતા હતા. બોબ ચેવલીના માતા આઇરીશ મૂળના છે અને તેમના પિતા ચેવલી પરિવારના છે. સુરતમાં તેમનો પરિવાર 'દુધપાકવાળા' તરીકે પણ ઓળખાય છે.



## શું બ્રિટનના કિંગ ચાર્લ્સના પહેલા પત્ની લેડી ડાયનાની પરદાદીના કનેક્શન સુરત સાથે હતા?



બ્રિટનના કિંગ ચાર્લ્સના ફર્સ્ટ વાઈફ લેડી ડાયનાના જિનેટિક એનાલિસિસમાં ફાયનલ થયું હતું કે તે એશિયન જીન્સ ધરાવે છે. પછી તો તે કનેક્શન સુરત સુધી જોડાયેલું નીકળ્યું. તેની પાંચમી પેઢીના પરદાદી સુરતના હતાં. એક ન્યૂઝ મેગેઝીનમાં આ વાતનો ઉલ્લેખ જોવા મળે છે. આ શોધ લગભગ 2013માં જિનેટિક પરીક્ષણ કમ્પની BritainsDNA દ્વારા જાહેર કરવામાં આવી છે. એલિઝા કિવોર્ક 18મી સદીના અંતમાં સુરતમાં રહેતા હતા અને તેમની દીકરી કેથરિન સ્કોટ ફોર્બ્સ એ લેડી ડાયનાના પાંચમી પેઢીના પરદાદી હતાં.

Succcess મંત્ર


**સ્ત્રી** કદી નથી હારતી. તે અનેક તકલીફોનો સામનો કરીને પણ નારી તું નારાયણી બનીને બતાવે જ છે. હસબન્ડ, ઈન્લોઝ સાથે અણબનાવ થતા હસબન્ડ સાથે ડિવોર્સ થઈ જાય કે પછી હસબન્ડનું નિધન થઈ જાય ત્યારે તે સર્વાઈવ કરવા લડત આપે છે અને તેમાંથી સો ટચનું સોનું બનીને બહાર આવે છે. નિરાધાર, અબળાનું લેબલ હટાવીને તે પોતાની જાતને સર્વશ્રેષ્ઠ પુરવાર કરવા જે રીતે મથતી હોય, જે રીતે ઠોકરોનો સામનો કરીને, બીમાર અવસ્થામાં પણ ઝીંદાદિલી બતાવતી હોય તેવી સુરતની સન્નારીઓની પ્રેરક કહાની વિશે ચાલો આજે કરીએ...

# અનેક પીડા, યાતનાઓ પર જીત મેળવી સુરતની આ સન્નારીઓ બની સો ટચનું સોનું

## ડિવોર્સ બાદ સ્ટડી પણ કરી અને હવે પોતાનો બિઝનેસ શરૂ કર્યો



મૈત્રી માસ્ટરના કહેવા અનુસાર 2022માં લગ્ન પછી હસબન્ડ અને ઈન્લોઝ સાથે જોબ બાબતે ખૂબ અણબનાવ થતા ડિવોર્સ લીધા. તેઓ જણાવે છે કે ત્યારબાદ હું મમ્મીના ઘરે આવી ગઈ. મારા ફાધર હયાત નથી. ડિવોર્સ બાદ નવા જીવનની શરૂઆત તો કરવાની હતી. મેં કોરસ્પોન્ડન્ટ કોર્સ કર્યો ઈમેજ કન્સલ્ટન્સીનો. મારા મમ્મીનો એક પ્લોટ વેચીને એક ફ્રેન્ડ સાથે પાર્ટનરશિપમાં કપડાનો બિઝનેસ શરૂ કર્યો. હવે એકલી જ બુટીક ચલાવું છું. મારો બિઝનેસ શોર્ટ ટાઈમમાં જ સારો ચાલવા લાગ્યો એટલે જ હું પોતાના વિદેશ ફરવાના સપના પણ પુરા કરી શકું છું. હાલમાં હું ટર્કી મારો પોતાનો સારો સમય વિતાવવા અને અહીં કપડાં અને પગરખાનો બહુ મોટો બિઝનેસ છે તેમાંથી કાંઈક શીખવા આવી છું.



## હસબન્ડના નિધન બાદ તેઓ સશક્ત નારી કઈ રીતે બન્યા?

કલ્પનાબેન ઠક્કરે જણાવ્યું કે, તેમના હસબન્ડ રાજેશભાઈના નિધનને આઠ વર્ષ થયા છે. તેમના કોઈ બાળકો નથી અને સાસુસસરા પણ હયાત નથી. તેઓ 2016થી મ્યુચ્યુઅલ ફંડ એડવાઈઝર તરીકે કામ કરે છે. કોરોના કાળ આવ્યો ત્યારે તેમના ઘરમાં કોઈ નહીં હતું. એકલા એકલા શું કરવું તે વિચારે જ તેમને તેમના આર્ટિસ્ટિક સેન્સને નિખારવાની તક આપી. તેમણે ઘરમાં જે મટીરીયલ હતું તેમાંથી રંગોળી અને શોપીસ બનાવ્યા પછી તો તેમના જીવનને એક નવી રાહ મળી.




## 2021થી હંમેશા કેથેટર લગાવીને રાખવી પડે છે

કલ્પનાબેનને ડાયાબિટીઝ અને બ્લડપ્રેશરની બીમારી છે, એમાં પણ તેમનું બ્લેડર વીક હોવાથી તેમણે 2021થી સતત યુરિન બેગ (કેથેટર) લગાવીને રાખવી પડે છે. આ બેગ તેમને દર છ મહિને બદલવી પડે છે.

## જાતે રંગોળી અને શોપીસ બનાવી એક્ઝીબિશન કરે


કલ્પનાબેને કોરોના કાળથી ઘરે જાતે રંગોળી, શૉ પીસ બનાવી પોતાના ઘરમાં જ ફર્સ્ટ એક્ઝીબિશન કર્યું અને ત્યારથી તેમની કળાને ઊંચું સ્થાન મળતું ગયું. તેઓ 8 ઈંચથી માંડીને 24 ઈંચની રંગોળી બનાવે છે. દીવા, તોરણ બનાવી તેનું એક્ઝિબિશન કરે છે.



## કેથેટર સાથે વિદેશની ટુર્સની મજા લે છે

તેઓ શારીરિક તકલીફો વચ્ચે ઝીંદાદિલીથી લાઈફને એન્જોય કરે છે. તેઓ ફ્રેન્ડસ સાથે સિંગાપોર, બેંગકોક, બાકુ, દુબઈ, ઓસ્ટ્રેલિયાની ટૂર કરી આવ્યા છે. સાથે યુરિન બેગ હોય જ. આ સન્નારીને ખરેખર સલામ આપવાનું મન થઈ જાય. તેમને તેમના પાડોશીઓનો પણ સાથ મળે છે.

## હસબન્ડના અવસાન બાદ ટિફિન સેવા શરૂ કરી બાળકોને વિદેશમાં સેટલ કર્યા



સોનિયાબેને (નામ બદલ્યું છે) ઈન્ટરકાસ્ટ મેરેજ કર્યા હતાં. તેમણે જણાવ્યું કે, મારા હસબન્ડ મારા પિયરના લોકોને અને મારા સાસરિયાના લોકોને આર્થિક રીતે ઘણી હેલ્પ કરતાં.13 વર્ષ પહેલાં મારા હસબન્ડનું નિધન થયું તે સાથે સંબંધીઓનો વ્યવહાર અમારી સાથે બદલાયો પણ મને મારા હસબન્ડના ઓફિસ ગ્રુપના લોકોનો સપોર્ટ મળ્યો. મારા હસબન્ડના પૈસા મારી પાસે હતા તો ખરા પણ સર્વાઈવ કરવા કાંઈક કરવું જરૂરી હતું તો મેં ટિફિન સેવા શરૂ કરી. મેં જોબ પણ કરી હતી. એક ફ્રેન્ડના સપોર્ટથી USAના વિઝા થયા અને ત્યાં મારા નાના દીકરાનું ફૂટબોલમાં સિલેક્શન થયું. આ મારા સંઘર્ષના દિવસ હતાં. મેં USAમાં બેબી સીટરનું કામ કર્યું. મારા મોટા દીકરાને પણ USAમાં સેટલ કર્યો. મોટો દીકરો ત્યાં જોબ કરે છે તો નાનો દીકરો જોબ અને સ્ટડી બંને કરે છે. હસબન્ડના નિધન બાદ લોકોના મહેણાં ટોણા સાંભળ્યા. લોકોનો મારી તરફ જોવાનો નજરીયો બદલાયો. અત્યારે તો હું સુરતમાં એકલી રહું છું. મારા બંને દીકરા વેલ સેટલ થયા તે જ મારા સંઘર્ષનું સારું પરિણામ છે.